**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# નવું ઍટોબીકોક ક્રીક રિક્રિએશનલ ટ્રેઇલ ઈન્ટર-રીજીયનલ કનેક્શન ખોળો!

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઈ 6, 2021) – ઍટોબીકોક ક્રીક રિક્રિએશનલ ટ્રેઇલ પર બહુ અપેક્ષિત ઇન્ટર-રીજીયનલ કનેક્શન બ્રેમ્પટનથી, મિસિસાગા સુધી, કૅલેડોન સુધી, હવે પૂરું થયું છે. ટ્રેઇલના વપરાશકારો હવે સતત ચાલીને, પદયાત્રા કરીને, અથવા સાઇકલ ચલાવીને ત્રણ સમુદાયો વચ્ચે જઇ શકે છે.

નવું બે કિલોમીટરનું ઇન્ટર-રીજીયનલ કનેક્શન બ્રેમ્પટન અને મિસિસાગા વચ્ચેની ટ્રેઇલમાં નિર્ણાયક ગેપ ભરે છે, જે કૅનેડી રોડ ટ્રેઇલના પ્રવેશદ્વારથી શહેરની સીમા સુધી, હાઈવૅ 407 અને હાઈવૅ 410 હેઠળ સુરક્ષિત માર્ગ બનાવે છે. તે ઓફ-રોડ સતત સક્રિય પરિવહન માર્ગ પૂરો પાડે છે જે લૅક ઓન્ટેરિયો અને વૉટરફ્રન્ટ ટ્રેઇલને કૅલેડોનમાંની ગ્રીનબેલ્ટ ટ્રેઇલ સાથે જોડે છે.

બ્રેમ્પટનમાં, ટ્રેઇલ ડાઉનટાઉન કૉરમાંથી પસાર થાય છે, જે સાંસ્કૃતિક અને ઋતુલક્ષી પ્રવૃત્તિઓની વિવિધ શ્રેણી સુધી પહોંચ પૂરી પાડે છે. સંપૂર્ણ ઍટોબીકોક ક્રીક રિક્રિએશનલ ટ્રેઇલ ઍટોબીકોક મિમિકો વૉટરશેડ સાથે અને કુદરતી અને શહેરી સ્થળો મારફતે, લગભગ 34.5 કિલોમીટર સુધી લંબાયેલી છે. કૅનેડી વૅલીથી ટ્રેઇલના પર્યાવરણલક્ષી લાભો વધારવા TRCA અને સીટી દ્વારા 4,000 ઉપરાંત વૃક્ષો અને 14,000 ઝાડીઓ રોપવામાં આવી છે.

આ પહેલ સીટી ઓફ઼ બ્રેમ્પટન, ટોરોન્ટો અને રીજીયન કન્ઝર્વેશન ઓથોરિટી (TRCA), રીજીયન ઓફ઼ પીલ, ટાઉન ઓફ઼ કૅલેડોન, સીટી ઓફ઼ મિસિસાગા, અને મિનિસ્ટ્રી ઓફ઼ ટ્રાન્સપોર્ટેશન વચ્ચેનો સહયોગી પ્રયત્ન હતો.

આ કનેક્શન સીટીના સક્રિય પરિવહન માસ્ટર પ્લાનને ટેકો આપે છે, જે સમગ્ર શહેરમાં સાઇકલિંગ અને પદયાત્રીઓના જોડાયેલા નેટવર્કને અમલમાં મૂકવાનો, અને પડોશની નગરપાલિકાઓ સાથે જોડાવાનો, મોટર સિવાયના માધ્યમથી સુરક્ષિત, વધારે અનુકૂળ પ્રવાસને સક્ષમ બનાવવાનો, અને સાઇકલ માર્ગ સુરક્ષિત, આકર્ષક અને જોડાયેલો પૂરો પાડવાનો હેતુ ધરાવે છે. શહેરના સક્રિય પરિવહન માસ્ટર પ્લાન વિશે વધુ જાણવા વેબસાઇટ જુઓ, www.brampton.ca/atp

ત્રણ કિલોમીટરની ઍટોબીકોક ક્રીક રિક્રિએશનલ ટ્રેઇલના પ્રાયોજક કૉક કેનેડા બૉટલિંગ છે, આ ટ્રેઇલ કૅનેડી રોડ ટ્રેઇલના પ્રવેશદ્વારથી શરૂ થઇને શહેરની સીમામાં સમાપ્ત થાય છે. આ બ્રેમ્પટનમાં રિક્રિએશનલ ટ્રેઇલ માટે શહેરના પ્રથમ કોર્પોરેટ પ્રાયોજક છે અને તેઓ ચાલુ ટ્રેઇલની નિભાવ-જાળવણીમાં ફાળો આપશે. પ્રાયોજકપદની તકો વિશે વધુ માહિતી વેબસાઇટ પર મેળવો, www.brampton.ca/sponsorship.

**અવતરણો (ક્વૉટ્સ):**

"મને ઍટોબીકોક ક્રીક રિક્રિએશનલ ટ્રેઇલના ઇન્ટર-રીજીયનલ કનેક્શનની પૂર્ણાહુતિની ઘોષણા કરતા ખુશી થાય છે. બ્રેમ્પટન એક હરિયાળુ શહેર અને, આરોગ્યપ્રદ અને સુરક્ષિત શહેર છે, અને અને અમે સમુદાય માટે સાઇકલયાત્રા અને પદયાત્રા અનુકૂળ બનાવવા કટિબદ્ધ છીએ. હું દરેક વ્યક્તિને સક્રિય રહેવા અને ટ્રેઇલને ખોળવા પ્રોત્સાહિત કરું છું. અમારા ભાગીદારો અને પ્રાયોજકનો આભાર!"

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"એક ઉત્સાહી સાઈકલસવાર તરીકે, હું નવા ઍટોબીકોક ક્રીક ઈન્ટર-રીજીયનલ ટ્રેઈલ કનેક્શન વિશે રોમાંચિત છું, જે સંખ્યાબંધ સમુદાયો વચ્ચે સતત અને સુરક્ષિત સક્રિય પરિવહન માર્ગ પૂરો પાડે છે. હું બ્રેમ્પટનની સુંદર અને મનોહર ટ્રેઈલ્સનો – તમારી બાઈક પર, પદયાત્રા કરીને, કે ચાલીને આનંદ માણવા દરેક વ્યક્તિને પ્રોત્સાહિત કરું છું." *- રૉવિના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"ઍટોબીકોક ક્રીક કનેક્શનને જીવંત બનાવવા અને બ્રેમ્પટનમાં સક્રિય પરિવહનને સહાયતા કરવા અમારા ભાગીદારો સાથે સહયોગ સાધવા બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ. દરેક વ્યક્તિ માટે બહાર જઈને આપણાં ઉદ્યાનો અને ટ્રેઈલ્સનો આનંદ માણવો એ બહુ મહત્વની બાબત છે, અને ઍટોબીકોક ક્રીક ટ્રેઈલ એક જોવાલાયક સ્થળ છે!"

*શર્મિન વિલિયમ્સ (Charmaine Williams), સીટી કાઉન્સિલર, વૉર્ડ્સ 7 અને 8; ઉપ-પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"સીટીના કર્મચારીઓ બ્રેમ્પટનમાં સક્રિય પરિવહન તકો વધારવા કટિબદ્ધ છે. અમારા સામુદાયિક ભાગીદારો અને આપણાં પહેલા ટ્રેઈલ કોર્પોરેટ સ્પોન્સર, કૉક કેનેડા બૉટલિંગનો આભાર. હું ટ્રેઈલની મુલાકાત લેવા, અને બ્રેમ્પટનમાં પ્રાયોજકપદની તકો વિશે વધુ જાણવા દરેક વ્યક્તિને આમંત્રિત કરું છું."

*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

"TRCA ને બ્રેમ્પટન અને મિસિસાગા વચ્ચે બે કિલોમીટરની ઍટોબીકોક ક્રીક રિક્રિએશનલ ટ્રેઈલની પૂર્ણાહુતિની ઉજવણી કરતા ખુશી થાય છે. આ નવી બનાવેલી ટ્રેઈલ બ્રેમ્પટન, મિસિસાગા અને કેલેડોનના સમુદાયોને જોડે છે અને લેક ઓન્ટેરિયોમાંની વૉટરફ્રન્ટ ટ્રેઈલથી કેલેડોનમાં ગ્રીનબેલ્ટ ટ્રેઈલ સુધી સુરક્ષિત, ઓફ-રોડ ટ્રેઈલ કનેક્શન પૂરું પાડે છે. તે રહેવાસીઓને કુદરત અને એકબીજા સાથે જોડવામાં મદદરૂપ થશે, અને સમુદાય માટે મનોરંજન, સક્રિય પરિવહન અને આરોગ્યપ્રદ જીવન જીવવાની તકો પૂરી પાડે છે."

*- જૅનિફર ઈનિસ (Jennifer Innis), પ્રમુખ, TRCA બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સ*

"અમે આ વર્ષે બ્રેમ્પટનના સ્થાનિક બોટલર બનવાના 20 વર્ષની ઉજવણી કરી રહ્યાં છીએ અને અમે સમુદાય માટે વધારે સારું ભવિષ્ય બનાવવામાં મદદરૂપ થવા કટિબદ્ધ છીએ. અમે રોમાંચિત છીએ કે અમારી સગવડથી ટ્રેઈલનું યોગ્ય સંચાલન થશે જેથી કરીને અમારા કૉક કેનેડાના બધાં 1,300 કર્મચારીઓ, જેઓ અહીં બ્રેમ્પટનમાં કેનેડાનું સૌથી પ્રિય પીણું બનાવે છે, વહેંચે છે, સોદો અને વેચાણ કરે છે, તેઓ બહાર જઈને ટ્રેઈલનો આનંદ માણી શકે છે."

*- બ્રાન્ડન નૂનન (Brandan Noonan), બ્રેમ્પટન જનરલ મેનેજર, કૉક કેનેડા બોટલિંગ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca